# પ્રાંતિજના મહાદેવપુરા પાસે બંદુકની અણીએ સાત લાખથી વધુની લૂંટ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મહાદેવપુરા પાસે રાત્રીના સમયે કાર દ્વારા ટ્રકનો પીછો કરી બંદુકની અણીએ ૭,૪૨,૦૦૦ની લુંટ કરી લુંટારૂઓ ભાગી જતાં પૈસા માલિક દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા મોઢે રૂમાલ બાંધેલ લુંટારૂઓ સામે પોલિસ થઈ.

ઓરંગાબાદના વેપારી કડી ખાતે કપાસ વેચીને ટ્રકમાં પરત જઈ રહ્યાં હતાં તે સમય દરમ્યાન સાબરડેરી-તલોદ રોડ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના મહાદેવપુરા પાસે રાત્રીના સમયે આ કામના અજાણ્યાં છ થી સાત લુંટારૂઓ દ્વારા મોંઢે કપડું બાંધીને પૂર્વ યોજીત કાવત્રું રચી પોતાની સફેદ કલરની ટાટા સ્પેશીયો ગાડી લઈને આવી રોડ ઉપર આગળ જતી ટ્રક જીજે.૨૪-વી.૪૪૯૪ની ઓવરટેક કરી ટ્રકને રસ્તા ઉપર રોકી મોઢે કપડું બાધેલ કારમાંથી બે જણા ઉતરીને લાકડીઓ વડે ટ્રકના કાચ તોડી મોઢે કપડુ બાધેલ બે જણા ટ્રકમાં ચડી જઈ ટ્રકમાં સવાર ગુલામ મહુસેનને પીસ્તોલ જેવું હથીયાર બતાવી મારી નાખવાનીનો ભય ઉપજાવતા ગુલામહુસેન ટ્રકમાંથી નીચે કુદી જતાં ત્રણ લુંટારૂઓએ ગુલામહુસેનને લાકડીઓથી માર મારી જમણા હાથે બાવળાના ભાગે તથા પંજાના ભાગે તથા બરડાના ભાગે ઈજાઓ કરી તો ટ્રકમાં ચડેલ બે લુંટારૂઓએ ટ્રક ચાલક લાલભાઈ પીસ્તોલ જેવું હથિયાર બતાવી મારી નાખવાનો ભય ઉભો કરી ફરીયાદી રઉફખાન યુસુફખાન મેવાતી (મુસલમાન) ઉ.વર્ષ-૧૯ ધંધો-વેપાર રહે. એકલાસ મસ્જીદ પાસે ડુંગરગામ, તા. સીલોડ, જી.ઓરંગાબાદ મહારાષ્ટ્રના માથા નીચે મુકેલ ફરીયાદીનો મીલીટ્રી કલરનો થેલો જેમાં ફરીયાદીના એક જોડ કપડાં તથા રોકડ રકમ રૂ. ૭,૪૨,૦૦૦નો થેલો ખેંચી લુંટ કરી નાસી જતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં વેપારી રઉફખાન યુનુસખાન મેવાતી દ્વારા પોલિસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે અજાણ્યા છ થી સાત લુંટારૂઓ વિરૂધ્ધ આઈપીસી કલમ -૧૨૦ બી૩૯૫, ૩૯૭, ૩૪૧, ૩૨૩, ૪૨૭ તથા આર્મસ એકટ ૧૯૫૯ની કલમ ૨૫ (૧-એ એ) તથા ૨૫ (૧-બી) એ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલિસ સ્ટેશનના પીઆઈ કે.બી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.



## ગઢમાં વેપારીઓ દ્વારા વીર શહીદોના માનમાં સજ્જડ બંધ પળાયો

નાપાક ઈરાદા ધરાવતા આતંકીઓ દ્વારા જમ્મુ કાશ્મીરના પુલવામાં ભારતીય સૈન્યના જવાનો ઉપર આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં સી.આર.પી.એફ ના જવાનો શહીદ થતા દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને દેશવાસીઓ વીરજવાનો ની આત્માની શાંતિ માટે ઠેર ઠેર દુઆ પ્રાર્થનાઓ કરી શહીદવીરોને શ્રદ્ધાંજલી આપી રહ્યા છે સાથે નાપાક પાકિસ્તાન અને આતંકીઓ ને ઈંટ નો જવાબ પથ્થર થી આપવાની માંગ સાથે દેખાવો કરી રહ્યા છે ત્યારે આજે શહીદોના માનમાં આપવામાં આવેલા બંધ ના એલાનને સફળ બનાવવા માટે પાલનપુરના ગઢ ગામે લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને બજારો બંદ કરવી હતી જોકે ગઢ ના વેપારીઓ પણ શહીદોના માનમાં સ્વયંભૂ પોતાના ધંધા રોજગાર માં બંધ પાળતા ગઢ ગામ સજ્જડ બંધ રહ્યું હતું સાથે ગામ લોકો. આગેવાનો અને વેપારીઓ દ્વારા વીરજવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# ઊંઝા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપના બે જુથો આમને-સામને

ઊંઝા, તા. ૧૭

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનુ સ્થાન ધરાવતા ઊંઝા ખાતે આવેલ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝાની યોજાનાર ચૂંટણીમાં સત્તા કબજે કરવા માટે ભાજપના જ બે જૂથો આમને સામને આવી જતાં રાજકીય માહોલ ગરમાયો છે.

આર્થિક રીતે સંગીન સ્થિતિ ધરાવનાર ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત, વેપારી અને સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓની ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ બજાર સમિતમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ એલ. પટેલના પુત્ર ગૌરાંગ પટેલ ચેરમેન પદે છે. ત્યારે આ ચૂંટણીને લઈને સત્તા કબજે કરવા માટે વર્તમાન સત્તાધારી જૂથ અને તાજેતરમાં ઊંઝા બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય તરીકે રાજીનામુ આપી ભાજપમાં જોડાયેલ આશાબેન પટેલ જૂથ સામ સામે આવી ગયા છે. આશાબેન પટેલ પોતાના નજીકના કહેવાતા અને પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલના વેવાઈ કહેવાતા બિલ્ડર એવા દિનેશભાઈ પટેલનો ચેરમેનપદે બેસાડવા માટે સઘન પ્રયાસો થઈ રહ્યા છે. બજાર સમિતિની ચૂંટણીને લઈને બજાર સમિતિની મતદાર યાદીમાંથી રાજ્યના સહકાર વિભાગે કથિત ૫૨૯ બોગસ મતદારો તેમજ ઊંઝા બજાર વિસ્તારમાં સમાવિષ્ટ ગામોની કેટલીક સેવા સહકારી મંડળીઓને રદ કરી દેતા વર્તમાન ભાજપના સત્તાધારી પક્ષને ચૂંટણીમાં મોટો ફટકો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. રદ થયેલ મતદારો અને મંડળીઓના મુદ્દે ઊંઝા તાલુકાના ભાજપના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલના સમર્થકો કાર્યકરોએ વિસનગર ખાતે યોજાયેલ ભાજપની વિસ્તારક બેઠકમાં ભારે વિરોધ વ્યક્ત કરી સૂત્રોચ્ચાર કરતાં બેઠકમાં ભંગ પડ્યો હતો. આ બેઠકમાં આશાબેન પટેલ, કે.સી. પટેલ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ઘટનાક્રમથી ભાજપમાં આંતરિક વિખવાદ અને જૂથબાદ બહાર આવતા મામલો ગરમાયો છે. બજાર સમિતિની યોજાનાર ચૂંટણીમાં મતદાર તરીકે વર્તમાન સત્તાધારી પક્ષના કેટલાક સભ્યોની બાદબાકી થતા તેઓનું પત્તુ હાલ કપાયું છે.

દરમિયાન આ વખતની બજાર સમિતિ ઊંઝાની ચૂંટણીમાં ભાજપના જ બે જૂથો સામ સામે ટકરાય તેવી સ્થિતિ ઉત્પન્ન થવાથી રાજકારણ ગરમાયું છે. સત્તા કબજે કરવા માટે મરણિયો જંગ જામે તેમ હોઈ આ ચૂંટણી ભારે રસાકસીભરી અને પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે.

## શામળાજી મંદિરમાં રાજ્ય કક્ષાએ દિવ્યાંગ ભાઈ-બહેનો રમતમાં પ્રથમ સ્થાન મેળવનારને સન્માનિત કરાયા

સાબરકાંઠા-અરવલ્લી ફિજીકલ હેન્ડીકેપ વેલ્ફર મંડળ દ્વારા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર ખાતે રાજ્ય પારિતોષિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર દિવ્યાંગ ભાઈ બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા અને દિવ્યાંગો માટે જાહેર કરેલ ઈલેક્ટ્રિક ચાર્જિંગવાળી ગાડી આપવાની જાહેરાત ફક્ત લોકસભાની ચૂંટણીલક્ષી જાહેરાત હોવાનું જણાવી રોષ ઠાલવ્યો હતો. દિવ્યાંગ ભાઈઓ-બહેનોએ પુલવામાં આતંકી હુમલા અંગે દુઃખ વ્યક્ત કરી મૌન પડી કેન્ડલથી શ્રદ્ધાંજલિ અર્પી ફુલ નહીં તો ફૂલની પાંખડીરૂપી શાહિદ પરિવાર માટે ૨૫૦૦ રૂપિયાથી વધુ ફાળાનો સહયોગ આપ્યો હતો.

### પાલનપુરમાં રાષ્ટ્રપ્રેમની પ્રચંડ લહેર

# આંતકવાદને જડબાતોડ જવાબ આપવા પાલનપુરીઓએ બંધ પાળ્યો

### ધર્મ અને પક્ષાપક્ષી ભૂલી પાલનપુરીઓએ ભારતીય બની શહીદોને આપી શ્રદ્ધાંજલિ

પુલવામાં થયેલા આંતકી હુમલાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આંતકી હુમલામાં ૪૦થી વધુ જવાનો શહીદ થતા લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે પાલનપુરમાં શહીદોના માનમાં વેપારીઓએ સ્વયંભૂ સજ્જડ બંધ પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આંતકી હુમલાને લઈને દેશવાસીઓ હચમચી ઉઠ્યા છે. ત્યારે પાલનપુરમાં પણ શહીદોની આત્માની શાંતિ માટે ઠેરઠેર પ્રાર્થનાઓ થઈ રહી છે. દરમિયાન, આજે આંતકી હુમલાના વિરોધમાં ધર્મ-જ્ઞાતિ-સંપ્રદાય અને નાતજાત અને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને રાષ્ટ્રવાદી નાગરિકો રોડ પર ઉતરી આવ્યા હતા. વિશ્વ હિન્દૂ પરિષદ, બજરંગ દળ સાથે મુસ્લિમ બિરાદરો સહિતના રાષ્ટ્રવાદી શહેરીજનોએ પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે સજ્જડ બંધ રાખી પાકિસ્તાનને પાઠ ભણાવવાની માંગ કરી હતી.



પાલનપુરવાસીઓએ શહીદોના પરિવારજનો માટે ઉદાર હાથે આર્થિક મદદ કરવાની પણ તત્પરતા દાખવી હતી. આજે સમગ્ર પાલનપુરએ સ્વયંભૂ બંધ પાળી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જયારે ×શહીદો અમર રહો× અને ભારત માતા કી જય ના નારા સાથે રાષ્ટ્રપ્રેમની પ્રચંડ લહેર ફેલાઈ હતી.

# માથાભારે તત્ત્વોના ત્રાસથી ધાણધાના યુવકે અગ્નિસ્નાન કર્યું

પાલનપુર તાલુકાના ધાણધા ગામના એક યુવકે માથાભારે તત્વોના ત્રાસથી અગ્નિસ્નાન કર્યું હતું. જેમાં ગંભીર રીતે દાઝેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકા ના ધાણધા ગામના રાકેશભાઈ રામાભાઈ ભાખરીયા નામના ૨૨ વર્ષીય યુવક અગાઉ ડીસાથી ચોરાયેલ ટ્રેક્ટર ની સંડોવણીમા માથાભારે તત્વોના ત્રાસથી અગ્નિસ્નાન કર્યું હતું. જેને પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. અને સળગતા યુવક ઉપર ગોદડા કપડાં નાખીને આગ ઓલવી હતી. અગ્નિ સ્નાનના આ બનાવમાં યુવક ગંભીર રીતે દાઝી જતા તેને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ અંગે પીડિત યુવક રાકેશ ભાખરીયા એ જણાવ્યું હતું કે, નાગલ મોરિયા ગામના સિકંદર અને ફકાભાઈ નામના શખ્સોએ ડીસાથી ચોરાયેલ ટ્રેક્ટર મને ભોળવીને સ્ટેમ્પ ઉપર સહી કરાવી સાંચોર વહેંચી દેવામાં આવ્યું હતુ અને આ ચોરીનું ટ્રેક્ટર મૂમનવાસ થી સાંચોર લઈ જવાયું હતુ અને મારી સાથે છેતરપિંડી કરાઈ હતી. બાદ આ ટ્રેક્ટર માટે મારી પાસે રૂ. ૧.૫૦ લાખ ની માંગણી કરાઈ હતી. હુ ગરીબ પરિવાર નો હોઈ રૂ.૧.૫૦ લાખની મોટી રકમ ક્યાંથી લાવું તેમ છતાં આ રકમ માટે મારી પાસે કડક ઉઘરાણી કરતા આ માથાભારે તત્વોના ત્રાસથી મે અગ્નિસ્નાન કર્યું હતું.

## અરવલ્લી જિલ્લાના મોડાસા હોમગાર્ડઝ યુનિટના જવાનોએ પરેડ સાથે શ્રદ્ધાંજલિ અર્પી

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા પર ફિદાઈન હુમલામાં શહીદ થયેલા ૪૪ જવાનોથી દેશના પ્રજાજનોનું લોહી ઉકળી ઉઠ્યું છે. મોડાસા શહેરમાં અરવલ્લી જીલ્લાના મોડાસા હોમગાર્ડઝ યુનિટના જવાનોએ તથા ઓફિસર કમાન્ડીંગ ડી.ડી. પટેલ સાહેબ ઉપસ્થિત રહી સી.આર.પી.એફ.ના જવાનો પર થયેલા આંતકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ રૂપી પરેડ યોજી ૫ મિનિટ મૌન ધારણ કરી ઈશ્વરને પ્રાર્થના કરી વિરાંજલી અર્પી હતી.

# સાબરકાંઠા ભાજપા દ્વારા ધરણા અને શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો

તાજેતરમાં જમ્મુના પુલવામાં થયેલ આતંકવાદી હુમલાના બનાવમાં ૪૪ જવાનો શહીદ થયા. સમગ્ર દેશમાં શોકનું વાતાવરણ જણાઈ રહ્યુ છે. વિશ્વમાં જીલ્લા ભાજપ દ્વારા આજે હિંમતતગર શહેરના ટાવર ચોકમાં ધરણા યોજી શહીદોને શ્રધ્ધાંજલી અને તેમના કુંટુબીજનોને સહાનુભૂતિની લાગણી વ્યકત હિતેશભાઈ પટેલ, પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, જશુભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, સી.સી.શેઠ, નિર્ભયસિંહ રાઠોડ, કલ્પીત દવે,




પણ મોટા ભાગના દેશોએ આવા આતંકવાદી ઘટનાને વખોડી નાખી આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની સંડોવણી સ્પષ્ટ થતા આ બાબતે પાકિસ્તાન સામે ફીટકારની લાગણી વ્યક્ત કરેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધુ છે કે, બદલો લેવામાં આવશે. હાલ જયારે સમગ્ર દેશમાં શોકની લાગણી જણાઈ રહી છે ત્યારે સાબરકાંઠા કરવામાં આવી હતી. જેમાં પ્રદેશમંત્રી અને જીલ્લા પ્રભારી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી રમણલાલ વોરા, સાંસદ દીપસિંહ રાઠોડ, કુ.કૌશલ્યાકુવરબા પરમાર, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, હિતુ કનોડીયા, રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા લોકસભા ઈન્ચાર્જ તખતસિહં હડીયોલ, જીલ્લા મહામંત્રી અશોકભાઈ જાષી, પાલીકા પ્રમુખ અનીરૂધ્ધભાઈ સોરઠીયા, હિતેન્દ્રભાઈ પટેલ, જયેશભાઈ શાહ, નિલાબેન પટેલ, વનરાજસિહ પરમાર, જયેશભાઈ પટેલ, શૈલેષ ધુવાડ, નરેશ પરમાર, રાકેશ પટેલ, જયેશ વ્યાસ સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે લગ્નના જાનના વરઘોડામાંથી વરરાજા તેમજ જાનૈયાઓ પણ શહીદોને શ્રધ્ધાંજલી આપી હતી.

# ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ પાસે વોલ્વો કારે ટક્કર મારતા બે ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામ પાસે ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ અંબાજી તરફ જતી વોલવો કરે બાઈકને ટક્કર મારતા પતિ પત્નીને ઈજાઓ પહોંચી હતી.




ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં મળતી વિગતો અનુસાર ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સવજીપૂરા કંપાના માણકા ભાઈ પોતાનું બાઈક ન. જીજે.૯.એકે.૬૬૪૯ પર પોતાની પત્ની હીરાબેન સાથે નવી મેત્રાલ ગામે લગ્ન પ્રસનગમાં ગયા હતા અને બપોરના સમયે પરત આવતા હતા ત્યારે એક વોલ્વો ટેમ્પરરી કાર ન. જી.જે.ટી.એમ.પી.૨૦૧૮-૨૬૦૮૯૩ ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફ્લતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતાં માણકાભાઈ અને હીરાબેનને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખેડબ્રહ્મા સિવિલ જનરલ હોસ્પિટલ મા ખસેડવામાં આવ્યા હતા જ્યા બંનેને ઈજાઓ વધુ હોય સારવાર અર્થ આગળ રીફર કરવામાં આવ્યા હતા.

માનકભાઈને પગમાં ૩ ફ્રેકચર હોઈ હિંમતનગર અને હીરાબેનને માથામાં ઈજાઓ હોઈ અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા જેથી માણકાનભાઈના પુત્ર સતીશભાઈએ વોલ્વો કાર ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેટશનમાં ગફ્લતભરી રીતે કાર હંકારી બાઈકને ટક્કર મારી ઈજાઓ પહોંચાડવા અંગે ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે શ્રી વિશ્વકર્માંમાં ભગવાનની જન્મ જયંતીની દબદબાભેર ઉજવણી

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી વિશ્વકર્માં જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારથી જ શ્રી વિશ્વકર્માં દાદાના મંદિરે પંચામૃત અભિષેક, કેશર સ્નાન, દુધા અભિષેક, શણગાર દર્શન, ઈસ્ટદેવ પૂજા, રાજભોગ આરતી, અન્નકુટ દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા, જયારે સવારથી જ મંદિરમાં દાદાના દર્શન કરવા લોકો



ભક્તોની ભીડ જોવા મળી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજીમંદિરમાં વિશ્વકર્માં જન્મ જયંતી મહોત્સવની ઉજવણી ખૂબજ ધામધુમથી કરવામાં આવી હતી અને વહેલી સવારે મંદિરમાં મંગલા આરતી ઉમટી પડયા હતા અને મંદિર સંકુલમાં ભકતોની લાંબી લાંબી લાઈનો જોવાં મળી હતી અને સુથાર, સથવારા, કડીયા સમાજનાં ભાઈઓએ સહિત હાથ કલાકારી ગરી સાથે સંકળાયેલા ભાઈઓએ પણ ધંધા રોજગારો બંધ પાડયા હતા.

# પ્રાંતિજના બોરીયા સીતવાડામાં ‘બેટી બચાવો બેટી વધાવો’નો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્રની અગિયારમી પુણ્યતિથિના દિવસે પરિવાર બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજાયો. તો આર્મીના પાંચ જવાનોનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ઉપસ્થિત રહીને દિકરીઓને સ્મૃતિ પત્ર આપી સન્માન કર્યું.

પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહની અગિયારમી પુણ્યતિથિ નિમિત્તે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બોરીયા સીતવાડા ગામમાં રહેતી વીસથી વધુ દિકરીઓનું કુમકુમ તિલક કરી કાળુસિંહ રાઠોડ પરિવાર દ્વારા ડ્રેસ



આપીને સન્માનિત કરવામાં આવી હતી. પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા દરેક દિકરીઓને સ્મૃતિ પત્ર આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે બોરીયા સીતવાડા ગામમાં રહેતા પાંચ આર્મીના જવાનોનું પણ કાળુસિંહ રાઠોડના પરિવાર દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ભજન કિર્તન કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પ્રસંગે મહંત સુનીલદાસજી, વસંતરામ મહારાજ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં વોટ્સઅપ ગ્રુપ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ

### કલેક્ટર, એસ.પી, ડી.ડી.ઓ. સહિત રાષ્ટ્રવાદી નાગરિકોએ અર્પી પુષ્પાંજલિ

### ગણતરીની મિનીટોમાં જ શહીદોની સહયોગ નિધિમાં ૩૫,૧૦૦ એકત્ર થયા

બનાસકાંઠાના ઈતિહાસમાં સૌપ્રથમવાર પ્રેસકલબ વોટ્સપ ગ્રુપ દ્વારા પાલનપુર ખાતે આંતકી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા કલેકટર, એસ.પી, ડીડીઓ સહિત રાષ્ટ્રવાદી નાગરિકોએ હાજર રહી બે મિનિટનું મૌન પાળી પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ગણત્રીની મિનિટોમાં શહીદોની સહયોગ નિધિમાં રૂ.૩૫,૧૦૦ની રકમ એકત્ર થઈ હતી.

સોશિયલ મીડિયાના સદુપયોગ થકી રચનાત્મક પ્રવૃતિઓ પણ કરી શકાય છે. તેની પ્રતીતિ પ્રેસ કલબ વોટ્સપ ગ્રુપએ કરાવી છે. પ્રેસ કલબ વોટ્સપ ગ્રુપના માધ્યમથી રાષ્ટ્રવાદી નાગરિકો દ્વારા પુલવામાં આંતકી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ પાલનપુર સ્થિત કલેકટર કચેરીના બગીચામાં યોજાયો હતો. જેમાં જિલ્લા કલેકટર સંદીપ સાંગલે, એસ.પી પ્રદીપ સેજુળ, ડી.ડી.ઓ. બી.એ.શાહ સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારી ગણ સહિત વરિષ્ઠ અને રાષ્ટ્રવાદી નાગરિકોએ હાજર શહીદોની આત્માની શાંતિ માટે ૨ મિનિટનું મૌન પાળી શહીદોને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

શહીદોને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કર્યા બાદ સહયોગ નિધિમાં ટૂંકા ગાળામાં રૂ.૩૫,૧૦૦નો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સહયોગ નિધિ શહીદોના પરિવારને પહોંચાડવામાં આવશે. આમ, વોટ્સપ ગ્રુપએ યોજેલા કાર્યક્રમને સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

# અરવલ્લી જિલ્લા ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજના ભવનનું ખાતમુર્હૂત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ભિલોડા-મેઘરજ-ખેડબ્રહ્મા-વિજયનગર -વડાલી સહિતના આદિવાસી તાલુકાઓના ડુંગરી ગરાસિયા વિકાસ ટ્રસ્ટ દ્વારા ભિલોડાના વજાપુર ગામે રૂપિયા ચૌદ કરોડના ખર્ચે સમાજનું સંકુલ નિર્માણ થનાર છે. તેના ખાતમહુર્ત પ્રસંગે ભારત સરકારના આદિજાતિ મંત્રી જશવંતસિંહ ભાભોરના વરદહસ્તે કરાયું હતું તેમજ આદિવાસી સમાજના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં પુલવામાં શાહિદ થયેલા જવાનોને શ્રધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે અનિલ જોશીયારા,



હાઈકોર્ટના વકીલ વનરાજ પારધી તેમજ સમાજના આગેવાનો હસમુખભાઈ મોડિયા, નીલાબેન મોડીયા, માધુભાઈ બરંડા, આર.કે. બરબલ સહિતના અનેક અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા. સમાજમાં ચાલતા કુરિવાજો અને જૂનવાણી ખોટા ખર્ચ અને નશાબંધી-વ્યસનમુક્તિ જેવી બાબતો દૂર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજના સર્વાંગી વિકાસ માટે પક્ષા પક્ષીથી દુર રહી એક સુત્રતાથી સુમેળ કરી વિકાસ માટે પણ ભાર મુકવામાં આવ્યો હતો.